ગુજરાતમિત્ર
મંગળવાર ૭ જુલાઈ, ૨૦૨૬
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!
ટાઉન ટોક

**ગામની અંદાજિત વસતી 2,800, સાક્ષરતા દર 60 ટકા, કુકણા, ધોડિયા, ગામીત, ચૌધરી, પારસી અને કોળચા કોટવાળીયાનો મુખ્ય વસવાટ**



## વાંસદાથી આશરે 6 કિલોમીટર દૂર અને ચારેય બાજુ હરિયાળાં જંગલોથી ઘેરાયેલું ગામ

# ધરમપુરી

*વાંસદાથી આશરે 6 કિલોમીટર દૂર અને ચારેય બાજુ હરિયાળાં જંગલોથી ઘેરાયેલું ધરમપુરી ગામ ધીમી ગતિએ વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. ગામના વડીલોના જણાવ્યા અનુસાર વર્ષો પહેલાં મહારાષ્ટ્રના સાલ્હેર-મુલ્હેર પર્વતીય વિસ્તારમાંથી કેટલાક ઋષિમુનિઓ અહીં પધાર્યા હતા. તે સમયે ગ્રામજનોએ તેમના રહેવા અને ભોજનની ઉત્તમ વ્યવસ્થા કરી હતી. ગ્રામજનોનો પ્રેમાળ સ્વભાવ, વિવિધ જ્ઞાતિ અને ધર્મના લોકો વચ્ચેનો સંપ, ભાઈચારો તથા ધર્મ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા જોઈ ઋષિમુનિઓ ખૂબ પ્રભાવિત થયા હતા. અને તેમણે આ ગામને 'ધરમપુરી' નામ આપ્યું હોવાનું ગામના વડીલો પાસેથી જાણવા મળે છે. ધરમપુરી ગામની કુલ વસતી આશરે 2,800 જેટલી છે, જેમાં અંદાજે 1,650 મતદારનો સમાવેશ થાય છે. ગામનો સાક્ષરતા દર લગભગ 60 ટકા છે. અહીંના લગભગ 80 ટકા લોકો પશુપાલન સાથે સંકળાયેલા છે, જ્યારે મોટા ભાગના ખેડૂતો ખેતી પર નિર્ભર છે. ગામમાં મુખ્યત્વે ડાંગર, શેરડી, ભીંડા, મકાઈ, જુવાર, ચણા અને તુવેર જેવા પાકોની ખેતી કરવામાં આવે છે. તેમાં પણ ડાંગરનું ઉત્પાદન સૌથી વધુ થાય છે અને ગામના લોકોનો મુખ્ય ખોરાક પણ ડાંગર જ છે. ધરમપુરી ગામમાં નિશાળ ફળિયું, રેલવે ફાટક ફળિયું, પારસી ફળિયું, ચિકાર ફળિયું, ગામીત ફળિયું, નાગુલી ફળિયું અને પટેલ ફળિયું એમ કુલ સાત ફળિયાં આવેલાં છે. અહીં કુકણા, ધોડિયા, ગામીત, ચૌધરી, પારસી તેમજ કોળચા કોટવાળીયા સહિત વિવિધ જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. તેમાં મુખ્યત્વે ગામીત સમાજની વસતી વધુ જોવા મળે છે. આ રીતે કુદરતી સૌંદર્ય, સામાજિક એકતા અને ધાર્મિક આસ્થાની આગવી ઓળખ ધરાવતું ધરમપુરી ગામ આજે પણ પોતાના વિકાસની નવી દિશા તરફ આગળ વધી રહ્યું છે......*



### ગામમાંથી પસાર થતી નેરોગેજ ટ્રેન

અંગ્રેજોના સમયથી ચાલતી આદિવાસીઓની જીવાદોરી સમાન બીલીમોરા-વઘઇ નેરોગેજ ટ્રેનને ધરમપુરી ગામમાં સ્ટોપ ન હોવાના કારણે ગ્રામજનો અને બાળકો માત્ર તેને જોઈ આનંદ અનુભવે છે. ધરમપુરી ગામના લોકોએ આ ટ્રેનમાં મુસાફરી કરવી હોય તો તેમને બાજુમાં માત્ર ૨ કિલોમીટરના અંતરે આવેલ સરા ગામ સુધી જવું પડે છે. આશરે ૧૦૦ વર્ષથી પણ વધુ સમયથી ચાલતી બીલીમોરા-વઘઇ નેરોગેજ ટ્રેન એ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની જીવાદોરીસમાન છે. આ ટ્રેન ડાંગ જિલ્લામાં અંગ્રેજોના સમયમાં ઇમારતી લાકડાં સહિત અન્ય વસ્તુઓ બીલીમોરા સુધી લઈ જવા માટે માલવાહક નેરોગેજ ટ્રેન શરૂ કરવામાં આવી હતી. અગાઉ ખનીજ કોલસા પર સંચાલિત આ બીલીમોરા-વઘઇ નેરોગેજ ટ્રેન આદિવાસી વસાહત માટે નવલા નજરાણાની સાથે ઐતિહાસિક ધરોહર સમાન બની હતી. આ ટ્રેન મારફતે ધરમપુરી ગામ સહિત આ વિસ્તારના આદિવાસીઓ અને વેપારીઓ, મજૂરો પણ બીલીમોરા સુધી કામકાજ અને ધંધાર્થે મુસાફરી કરતા હોવાનું વડલાઓ પાસેથી જાણવા મળ્યું હતું. દિવસ દરમિયાન બીલીમોરાથી-વઘઇ સુધી બે ટ્રીપ મારતી આ તેમને ગ્રહણ લાગતાં તંત્ર દ્વારા થોડા સમય અગાઉ ટ્રેન આર્થિક રીતે ખોટમાં ચાલતી હોવાનું કારણ બતાવી બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. ટ્રેન બંધ થવાના નિર્ણયને લઈને બીલીમોરાથી વઘઇ-ડાંગ સુધી અનેક લોકોમાં નારાજગી વ્યાપી ગઈ હતી. જેને લઇ આગેવાનોએ આ ટ્રેનને ફરીથી ચાલુ કરવા માટે સરકારમાં રજૂઆત કરી હતી. ત્યારબાદ વઘઇથી બીલીમોરાને જોડતી છૂક છૂક ટ્રેન માટે આંદોલનો થયાં, રજૂઆતો થઈ, શાસક વિપક્ષના બંને પાર્ટીઓએ આ ટ્રેન ચાલુ કરવા માટે રસ દાખવ્યો. જેના ફળસ્વરૂપે 'બાપુ કી ટ્રેન' તરીકે પણ ઓળખાતી આ નેરોગેજ ટ્રેન નવા રંગ રૂપમાં અને નવી સુવિધાઓ સાથે શરૂ કરવામાં આવી છે, જેમાં રેલવે વિભાગે AC કોચની સુવિધા પણ ઉપલબ્ધ કરાવતા આદિવાસી વિસ્તાર સહિત ઉનાઇ મંદિરે જવા માંગતા પ્રવાસીઓને એક નવા રોમાંચની અનુભૂતિ મળી રહે છે.

### ગ્રામ પંચાયત બોડી

- **સરપંચઃ** ચંદનબેન એસ. કુંકણા
- **ડે. સરપંચઃ** શૈલેષભાઈ કે.પટેલ
- **સભ્યોઃ** અનિતાબેન અશ્વિનભાઈ પટેલ
- ઉષાબેન નલીનચંદ પટેલ
- હંસાબેન રતિલાલભાઈ પટેલ
- રેખાબેન ગંગાજભાઈ કોળચા
- ધર્મેશભાઈ સેવકભાઈ ગામીત
- જોગીનાબેન હસમુખભાઈ ગામીત



**સરપંચઃ ચંદનબેન એસ. કુંકણા**



**ડે. સરપંચઃ શૈલેષભાઈ કે.પટેલ**



### કોષ ખાડી, નદી અને નહેર થકી સિંચાઈ

ધરમપુરી ગામના ખેડૂતો માટે ખેતીનો મુખ્ય આધાર સિંચાઈ છે. ગામના કેટલાક ખેડૂતો સિંચાઈ માટે કોષ ખાડી નદી અને નહેરના પાણી પર નિર્ભર છે. ચોમાસા દરમિયાન નદીમાં પૂરતું પાણી રહે છે, પરંતુ ચોમાસું પૂર્ણ થયા બાદ થોડા જ મહિનામાં નદીનું પાણી સુકાઈ જતાં ખેડૂતોને માત્ર નહેરના રોટેશન મુજબ મળતાં પાણીના આધારે ખેતી કરવી પડે છે. બીજી તરફ, ગામના અંબિકા નદી કિનારે આવેલા વિસ્તારોના ખેડૂતોને વર્ષભર નદીનું પાણી ઉપલબ્ધ રહેતાં તેઓ બારેમાસ ખેતી કરી સારી આવક મેળવી શકે છે. જો કોષ ખાડી નદીને ઊંડી કરવામાં આવે અને ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો વધુ સંગ્રહ કરવામાં આવે, તો ભૂગર્ભ જળસ્તરમાં વધારો થવાની સાથે ખેડૂતોને વર્ષના વધુ સમય સુધી સિંચાઈ માટે પાણી મળી રહે તેમ છે. આ કામગીરીથી ખેતીના ઉત્પાદન અને ખેડૂતોની આવકમાં પણ નોંધપાત્ર વધારો થઈ શકે છે.



### વર્ષોથી જર્જરિત પાણીની ટાંકી જોખમી, છતાં તંત્ર નિષ્ક્રિય

ધરમપુરી ગામના નિશાળ ફળિયા ખાતે પ્રાથમિક શાળાની પાછળ આવેલી પાણીની ટાંકી છેલ્લા ઘણા વર્ષોથી બિનઉપયોગી અને જર્જરિત હાલતમાં ઊભી છે. ટાંકીના પીલરો તથા દીવાલોમાં મોટી તિરાડો પડી ગઈ હોવાથી તે ગમે ત્યારે ધરાશાયી થાય તેવી ભીતિ સ્થાનિકોમાં જોવા મળી રહી છે. આ જર્જરિત ટાંકીની બાજુમાંથી દરરોજ ગ્રામજનોની અવરજવર રહે છે, તેમજ નજીકમાં આવેલી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે પણ આ ટાંકી ગંભીર જોખમરૂપ બની છે. કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલાં ટાંકીને દૂર કરવા અથવા સલામત રીતે તોડી પાડવા માટે સ્થાનિકો દ્વારા વારંવાર માંગ કરવામાં આવી હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. સ્થાનિકોનું કહેવું છે કે જો સમયસર પગલાં નહીં ભરાય અને ટાંકી અચાનક ધરાશાયી થઈ જાનહાનિ સર્જાય, તો તેની જવાબદારી કોની રહેશે? ગ્રામજનોએ તાત્કાલિક ધોરણે જર્જરિત ટાંકીને દૂર કરી લોકો, ખાસ કરીને શાળાના બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તંત્ર સમક્ષ માંગ ઉઠાવી છે.

### ધરમપુરી-કુકડા ગામને જોડતા નવા પુલના નિર્માણથી ગ્રામજનોને મોટી રાહત

ધરમપુરી અને કુકડા ગામને જોડતો વર્ષો જૂનો સાંકડો અને લો-લેવલ પુલ લાંબા સમયથી વાહનચાલકો માટે પરેશાની અને જોખમનું કારણ બન્યો હતો. દર ચોમાસામાં નદીમાં પાણીનું સ્તર વધતા પુલ ઉપરથી પાણી ફરી વળતું હોવાથી પુલ ડુબાણમાં જતો હતો અને તેના પરથી પસાર થવું જીવના જોખમ સમાન બનતું હતું. પાણીના તેજ પ્રવાહને કારણે પુલ પર લગાવવામાં આવેલી સેફ્ટી ગ્રીલ પણ અનેક વખત તૂટી જઈ તણાઈ ગઈ હતી. આ પુલનો ઉપયોગ માત્ર ધરમપુરી ગામના લોકો જ નહીં, પરંતુ સરા અને ખરજઈ ગામના લોકો પણ વાંસદા જવા માટે કરતા હોવાથી ચોમાસા દરમિયાન હજારો લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખી ગ્રામજનો અને ગામના સરપંચ દ્વારા વર્ષોથી પુલને ઊંચો અને પહોળો બનાવવાની માંગ કરવામાં આવી રહી હતી. અંતે સંબંધિત અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કર્યા બાદ જૂના પુલની બાજુમાં જ નવા ઊંચા અને પહોળા પુલનું નિર્માણ થઈ જતા ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાયો છે. અને નવા પુલના નિર્માણથી ચોમાસા દરમિયાન લોકોને પડતી વર્ષોની સમસ્યાનો અંત આવ્યો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા હતા. હવે વાહનચાલકો અને ગ્રામજનો સુરક્ષિત રીતે અવરજવર કરી શકે છે. જેના કારણે ધરમપુરી, કુકડા, સરા અને ખરજઈ ગામના લોકોનો સમય પણ બચી જશે.

